ખેડામાં 45 વર્ષ જૂના બ્રિજની જગ્યાએ ટૂંક સમયમાં નવો અને વધુ ઊંચો પુલ બનાવવાની કવાયત હાથ ધરાશે

ખેડા-તારાપુર હાઈવે પર શેઢી નદીનો જર્જરિત બ્રિજ તોડી પડાશે

ચોમાસામાં ડૂબી જતા જોખમી બ્રિજના સ્થાને નવા નિર્માણની વહીવટી તંત્રની તૈયારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ખેડા અને તારાપુરને જોડતા સ્ટેટ હાઈવે પર શેઢી નદી પર આવેલો અને છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાયેલો પુલ હવે ટૂંક સમયમાં જમીનદોસ્ત કરવામાં આવશે. ચોમાસાની સિઝનમાં નદીમાં પાણી વધતાં ડૂબી જતા અને વાહનચાલકો માટે અત્યંત જોખમી બનેલા આ 45 વર્ષ જૂના બ્રિજના સ્થાને હવે નવો અને વધુ ઊંચાઈ ધરાવતો બ્રિજ બનાવવાની વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

ખેડા જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના અધિકારી કે. એસ. બગુલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આશરે ૧ વર્ષ અગાઉ આ બ્રિજનું સ્પેશિયલ ટેકનિકલ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં ખુલાસો થયો હતો કે આ બ્રિજ હવે વાહનવ્યવહાર માટે બિલકુલ સુરક્ષિત રહ્યો નથી.

આ પુલ વર્ષો જૂનો અને નીચો હોવાને કારણે દર ચોમાસામાં શેઢી નદીમાં પૂર આવતાં જ પાણીમાં ગરકાવ થઈ જતો હતો, જેના કારણે સ્ટેટ હાઈવે પરનો વાહનવ્યવહાર સંપૂર્ણ ખોરવાઈ જતો અને મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડતી હતી. હવે નવો બનનારો પુલ નદીના પાણીના પ્રવાહથી સુરક્ષિત રહે તેટલો ઊંચો બનાવવાનું આયોજન છે.

કલેક્ટરના જાહેરનામા બાદ તુરંત ડિમોલિશન

આ બ્રિજને તોડી પાડવા માટે આગામી દિવસોમાં જિલ્લા કલેક્ટર દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડીને વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરાશે. રસ્તો બ્લોક થયા બાદ તુરંત જ જૂના બ્રિજને તોડવાની કામગીરી શરૂ કરી, નવા બ્રિજનું નિર્માણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવશે.

નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કાર ધામ ખાતે ઋષિકુમારોનો નૂતન યજ્ઞોપવિત ધારણ વિધિ સંપન્ન

પવિત્ર શ્રાવણી પર્વ નિમિત્તે નડિયાદ સ્થિત બ્રહ્મર્ષિ સંસ્કાર ધામ ખાતે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે નૂતન યજ્ઞોપવિત ધારણ વિધિનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં અધ્યાપક વિમલભાઈ વ્યાસ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે કુલ ૨૧૭ ઋષિકુમારોને નૂતન જનોઈ ધારણ કરાવી યજ્ઞોપવિત સંસ્કાર સંપન્ન કરાવાયા હતા. આ પાવન પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી દેવેન્દ્રભાઈ દવે, પ્રધાનાચાર્ય અને સમગ્ર શિક્ષકગણે ઉપસ્થિત રહીને ઋષિકુમારોને પ્રોત્સાહિત કરી આશીર્વચન પાઠવ્યા હતા. શાસ્ત્રોક્ત પૂજન અને ધ્યાન વિધિ સાથે વૈદિક ઋચાઓના ગુંજારવથી સમગ્ર આશ્રમ સંકુલ અત્યંત પવિત્ર અને ભક્તિમય બની ગયું હતું. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

મહેમદાવાદમાં ગાંજાની હેરાફેરી કેસમાં બેને ૧૦ વર્ષની સખત કેદ

બંને ગુનેગારોને એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો, દંડ ન ભરે તો વધુ ૬ માસની જેલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૯

મહેમદાવાદ નજીક મલેક ફાર્મ પાસે રિક્ષામાંથી ૨૨.૭૫૦ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા બે આરોપીઓને સ્પેશિયલ કોર્ટે ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. અદાલતે બંને કસૂરવારોને એક-એક લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે.

ગાંધીનગર નાર્કોટિક્સ સેલ અને સીઆઈડી ક્રાઈમની ટીમે બાતમીના આધારે ગત ૨૧મી માર્ચ ૨૦૨૨ના રોજ મહેમદાવાદ તાલુકાના મલેક ફાર્મ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ રિક્ષાને અટકાવી તલાશી લેતા તેમાંથી ગેરકાયદેસર રીતે લઈ જવાતો ૨૨.૭૫૦ કિલો ગાંજો (કિંમત રૂ. ૨૨૪ લાખ) મળી આવ્યો હતો. આ ગુનામાં પોલીસે મહેમદાવાદના સૈયદ અલી કાયમઅલી સૈયદ (ઉં. ૨૭) અને અક્ષયકુમાર ભરતભાઈ પરમાર (ઉં. ૩૦)ની ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આ ગાંજો જસ્ટીન કમલેશ ક્રિશ્ચિયન અને રાકેશ ઓરિસ્સાવાળા નામના શખ્સો પાસેથી લવાયો હતો, જે બંને હાલ ફરાર છે. ખેડા જિલ્લાની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટના જજ એમ. જે. બ્રહ્મભટ્ટ સમક્ષ આ કેસ ચાલ્યો હતો. જેમાં સરકારી વકીલ નટુભાઈ રોહિત દ્વારા ૧૧ સાક્ષીઓના મૌખિક પુરાવા અને ૧૮ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરાયા હતા. કોર્ટે તમામ દલીલો ગ્રાહ્ય રાખી બંને આરોપીઓને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને દંડનો હુકમ કર્યો છે.

આણંદમાં ખાદ્ય પદાર્થોની દુકાનોમાં ચેકિંગ, ₹ ૫૦ હજારનો દંડ વસૂલાયો

મસ્તાના દાબેલી, અલ નૂર કેટરર્સ અને રામ ક્રિષ્ના અમુલ પાર્લર સામે દંડાત્મક પગલાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદમાં તહેવારોની ઉજવણી દરમિયાન નાગરિકોને શુદ્ધ, ગુણવત્તાસભર અને સલામત આહાર મળી રહે તે હેતુથી કરમસદ-આણંદ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા એક વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાદ્ય પદાર્થોની દુકાનો અને કેટરિંગ એકમોમાં અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું . તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરતી અને અસ્વચ્છતા રાખતી સંસ્થાઓ સામે વહીવટી કાર્યવાહી કરીને કુલ રૂ. ૫૦ હજારનો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે, જેને પગલે બેદરકાર વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કરમસદ - આણંદ મનપાની કાર્યવાહી દરમિયાન ગંભીર ખામીઓ બદલ ત્રણ ખાદ્ય એકમો દંડાયાં હતાં. આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, યોગ્ય સંગ્રહ અને હાઈજીનની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન 'અલ નૂર કેટરર્સ'માં ભારે ગંદકી જોવા મળતા સૌથી વધુ રૂ. ૩૦ હજારનો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો. 'મસ્તાના બેસ્ટ દાબેલી'માં પણ પૂરતી સ્વચ્છતાનો અભાવ જણાતા રૂ. ૧૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત 'રામ ક્રિષ્ના અમુલ પાર્લર' એક્સપાયરી થયેલ (મુદત વીતી ગઈ હોય તેવી) ખાદ્ય સામગ્રીનું વેચાણ કરવા બદલ રૂ. ૫,૦૦૦નો દંડ કરાયો હતો.

મનપાના આરોગ્ય વિભાગે લાલ આંખ કરતા સ્પષ્ટ જણાવ્યું છે કે, નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત કરનાર કોઈપણ હોટલ માલિક, દુકાનદાર કે ખાદ્ય પદાર્થ વિક્રેતાને બક્ષવામાં આવશે નહીં. તહેવારોની સિઝનમાં ભેળસેળ અને ગંદકી રોકવા માટે આ સઘન ચેકિંગ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. આ સાથે જ તંત્ર દ્વારા તમામ વેપારીઓને હાઈજીન જાળવીને સ્વસ્થ આણંદના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

ખંભોળજ પાસે રિક્ષાની ટક્કરે આધેડનું મોત, ચાલક ફરાર

ઘરે આવેલા મહેમાનો માટે ભોજન લેવા નીકળેલા ઓડના આધેડે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

ઓડના ખંભોળજ રોડ પર નોખા તલાવડી પાસે ગોકુલ હોટલ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં રસ્તા પર ચાલીને જઈ રહેલા એક આધેડને રિક્ષાના ચાલકે અડફેટે લેતાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અકસ્માત સર્જ્યા બાદ રિક્ષા ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે ખંભોળજ પોલીસે ગુનો નોંધી રિક્ષાચાલકની શોધખોળ શરૂ કરી છે.

ઓડના નોખા તલાવડી ખાતે રહેતા રાજુભાઈ મોહનભાઈ પરમાર (ઉ.વ. ૪૦) ના ઘરે શુક્રવારે સાંજના સમયે મહેમાનો આવ્યા હોવાથી તેઓ જમવાનું લેવા માટે પગપાળા નીકળ્યા હતા. તે દરમિયાન ખંભોળજ-ઓડ રોડ પર ગોકુલ હોટલ નજીકથી પૂરઝડપે પસાર થઈ રહેલી રિક્ષા (નંબરઃ GJ 23 AX 0124) ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રાજુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક પ્રથમ ઓડ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટના અંગે મૃતકના ભત્રીજા સંજયભાઈ દિનેશભાઈ પરમારની ફરિયાદના આધારે ખંભોળજ પોલીસે અકસ્માત કરનાર ફરાર રિક્ષા ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગળતેશ્વરના છેડતી કેસમાં નરાધમ શખસને ૪ વર્ષની સખત કેદની સજા

ઉપરાણું લઈ માર મારનાર અન્ય એક શખસને પણ કેદની સજા

કોર્ટે કોને કેટલી સજા ફટકારી ?

મુખ્ય આરોપી અફઝલખાન પઠાણઃ પોક્સો એક્ટ હેઠળ ૪ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦ હજારનો દંડ તથા છેડતીના ગુનામાં ૩ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦ હજારના દંડની સજા.

સહ-આરોપી મુસ્તકીમખાન પઠાણઃ ફરિયાદીને માર મારવાના ગુના બદલ ૩ માસની કેદ અને રૂ. ૨,૫૦૦ દંડ તથા ગાળો બોલવાના ગુના બદલ ૧ માસની કેદ અને રૂ. ૨,૫૦૦ દંડની સજા ફટકારી હતી.

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ગળતેશ્વર તાલુકાના સનાદરા ગામે સગીરાની છેડતી કરી તેની આબરૂ લેવાનો પ્રયાસ કરનાર મુખ્ય આરોપીને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે ૪ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે છેડતીના બનાવમાં ઉપરાણું લઈને ફરિયાદીને ગાળો આપી માર મારનાર અન્ય એક આરોપીને પણ જેલની સજા સંભળાવી છે. સ્પેશિયલ કોર્ટે પીડિતાને રૂ. ૨૫,૦૦૦નું આર્થિક વળતર ચૂકવવાનો આદેશ આપીને બંને દોષિતોને જેલ વોરંટના આધારે બિલોદરા જેલમાં મોકલી આપ્યા છે.

સનાદરા ગામમાં ૪થી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યે એક સગીરા પોતાના ઘરના વાડામાં છાણ-વાસીદું કરી રહી હતી. આ દરમિયાન ગામનો જ અફઝલ ઈબ્રાહિમ પઠાણે સગીરાની આબરૂ લેવાના ઈરાદે તેનો હાથ પકડી પોતાની તરફ ખેંચ્યો હતો. સગીરાએ ગભરાઈને બૂમાબૂમ કરતા સાક્ષીઓ દોડી આવ્યા હતા, જેને કારણે આરોપી સાક્ષીને ધક્કો મારી નાસી છૂટ્યો હતો. બાદમાં આ બાબતે મુસ્તકીમ ઈબ્રાહિમ પઠાણને ઠપકો આપતાં તેણે ફરિયાદીને પર હુમલો કરી માર માર્યો હતો. આ અંગે સેવાલિયા પોલીસ મથકમાં છેડતી અને પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો.

આ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટના સ્પેશિયલ જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકીલ ગોપાલ વી. ઠાકુર દ્વારા રજૂ કરાયેલા ૧૦ સાક્ષીની જુબાની અને ૭ દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે બંનેને કસૂરવાર ઠેરવી સજા ફટકારી હતી.

માતરમાં સગીરાની છેડતીમાં આધેડને ૩ વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

માતરમાં સગીરાને અડપલાં કરનાર અને જાનથી મારી નાખવાની ધમકી આપનાર ૫૦ વર્ષીય પ્રતાપસંગ તખતસંગ પરમારને સ્પેશિયલ પોક્સો કોર્ટે દોષિત ઠેરવી ૩ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગત અનુસાર, ૨૦૨૪માં રઘવાણજમાં બનાવ બન્યો હતો. સગીરા પોતાના ઘરની આગળ આવેલા બાથરૂમમાં ન્હાવા જતી હતી, ત્યારે પ્રતાપસંગ પરમારે તેણીને પાછળથી પકડી લીધી હતી અને સગીરા સાથે ખેંચતાણ કરી શારીરિક અડપલાં કર્યા હતા અને જો આ અંગે કોઈને જાણ કરશે તો સગીરા તેમજ તેના દાદા-દાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગંભીર ઘટના અંગે માતર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં સુનાવણી પર આવતા સરકારી વકીલ યોગીબેન કે. બારોટ દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી. સરકારી પક્ષે કોર્ટ સમક્ષ ૭ જેટલા દસ્તાવેજી પુરાવા અને ૮ સાક્ષીઓની મહત્વની જુબાનીઓ રજૂ કરી હતી. આ તમામ પુરાવા અને રજૂઆતોને ગ્રાહ્ય રાખીને ન્યાયાધીશે આરોપી પ્રતાપસંગ પરમારને દોષિત જાહેર કરી કડક સજા સંભળાવી છે.

કોર્ટે પ્રતાપસંગ કલમ ૧૨ અને ૭૫ મુજબ ૩ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦ હજારનો દંડ તેમજ અન્ય કલમ હેઠળ વધુ ૬ માસની કેદ અને રૂ. ૨,૫૦૦નો દંડ ફટકાર્યો છે. પીડિત સગીરાને ગુજરાત સરકારના ઠરાવ મુજબ વળતર ચૂકવાશે.

ચકલાસી ભાગોળમાં મકાનના વિવાદમાં સામસામી તલવારબાજી - પથ્થરમારો

નડિયાદમાં મિલકતના મુદ્દે સગા બે ભાઈઓ વચ્ચે લોહિયાળ જંગ

પોલીસે બંને પક્ષના કુલ ૧૪ લોકો સામે રાયોટિંગનો ગુનો દાખલ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

નડિયાદના ચકલાસી ભાગોળ ફુલબાઈ માતાના મંદિર સામે રહેતા કુંજન શંકર તળપદા અને તેમના સગા ભાઈ દિક્ષિત વચ્ચે વડીલોપાર્જિત મકાનની બાબતે તેમજ અગાઉ ઉછીના આપેલા રૂ. આઠ લાખની લેવડ-દેવડ અંગે લાંબા સમયથી વિવાદ ચાલતા વિવાદમાં સામસામે હુમલાનો બનાવ બન્યો હતો.

આ અંગે કુંજનના જણાવ્યા મુજબ, અગાઉ થયેલી પોલીસ ફરિયાદનું સમાધાન કરવા અને મકાન પડાવી લેવાના ઈરાદાથી તેમના ભાઈ દિક્ષિત તેમજ રૂષિકેશ સહિતના 9 લોકોએ હથિયારો સાથે તેમના પરિવાર પર ઓચિંતો હુમલો કર્યો હતો. લોખંડની પાઈપ, ફરસી અને ધારીયા જેવા હથિયારોના પ્રહારથી કુંજન, તેમની માતા મીના, પિતા શંકર અને ભાણિયા પ્રશાંતને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

બીજી તરફ, દિક્ષિત શંકર તળપદાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, રક્ષાબંધનના પવિત્ર તહેવારે તેમના ઘરે મહેમાનો આવ્યા હતા ત્યારે તેઓ દર્શન કરવા જઈ રહ્યા હતા. તે દરમિયાન કુંજન અને તેના પરિવારના સભ્યોએ તેમની ગાડી પર પથ્થરમારો કરી કાચ તોડી નાખ્યા હતા. બાદ કુંજન અને તેના સાથીઓએ એકસંપ થઈ દિક્ષિત અને તેમના પરિવાર પર ધારીયા અને ફરસી વડે હિંસક હુમલો કર્યો હતો, જેમાં દિક્ષિત અને તેમના દીકરાઓ રૂષિકેશ તથા રાજવીર સહિતના સભ્યો ઘવાયા હતા. નડિયાદ ટાઉન પોલીસે આ ચકચારી ઘટના સંદર્ભે બંને પક્ષોની સામસામી ફરિયાદો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે. પોલીસે કુંજનની ફરિયાદના આધારે 9 લોકો સામે અને દિક્ષિતની ફરિયાદના આધારે 5 લોકો સામે રાયોટિંગ અને મારામારીનો ગુનો દાખલ કરી કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

મોગરીની ખુશી વૈદ્ય સરહદના રક્ષકોને દર વર્ષે છ હજાર રાખડી મોકલે છે

ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓના હસ્તાક્ષરે લખાયેલા સ્નેહ-સંદેશાઓ સરહદે પહોંચાડશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

દેશની સરહદે અત્યંત કપરા અને પડકારજનક વાતાવરણમાં રાત-દિવસ દેશનું રક્ષણ કરતા ભારતીય સેનાના જવાનો પ્રત્યે અનોખો આદર વ્યક્ત કરવા માટે આણંદ તાલુકાના મોગરી ગામની ૧૮ વર્ષીય કોલેજ કન્યા ખુશી વૈદ્ય છેલ્લા ચાર વર્ષથી એક અનોખો સંવેદનશીલ સેતુ બાંધી રહી છે. વલ્લભ વિદ્યાનગર ખાતે કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ખુશીએ 'એક રાખી ફોજી કે નામ' અભિયાન શરૂ કરીને શાળા-કોલેજના હજારો બાળકોની લાગણીઓને રાખડીઓ અને ભાવનાત્મક કાર્ડ સ્વરૂપે સરહદ પર તૈનાત વીર જવાનો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક ઉપાડ્યું છે.

સામાન્ય રીતે રક્ષાબંધનનો તહેવાર પરિવાર પૂરતો મર્યાદિત હોય છે, પરંતુ ખુશીના આ અભિયાન પાછળ એક અત્યંત પ્રેરણાદાયી એંગલ છુપાયેલો છે. ખુશી વૈદ્યને સિયાચીન ગ્લેશિયરની યાત્રા દરમિયાન ભારતીય સૈનિકોના સાહસ, શૌર્ય અને સર્વોચ્ચ બલિદાનને ખૂબ નજીકથી સમજવાની સુવર્ણ તક મળી હતી. સિયાચીનમાં તૈનાત સૈનિકોના કઠિન પડકારો દર્શાવતા પુસ્તક તથા 'સિયાચીન જાગૃતિ અભિયાન'થી પ્રેરિત થઈને તેણે સૈનિકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા આ અનોખી પહેલ શરૂ કરી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીના વિદ્યાર્થીઓને ભારતીય સૈનિકો સાથે ભાવનાત્મક રીતે જોડી તેમના સમર્પણ પ્રત્યે આદર જગાડવાનો છે.

આ અભિયાન હેઠળ ખુશી વિવિધ શાળાઓની મુલાકાત લઈને ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ કોલેજના યુવાનોને હાથેથી રાખડીઓ અને સૈનિકો માટે વ્યક્તિગત આદર-સંદેશાઓ તૈયાર કરવા પ્રોત્સાહિત કરે છે. આ રીતે એકત્રિત થયેલી રાખડીઓ દર વર્ષે સૈનિકો સુધી મોકલવામાં આવે છે. દર વર્ષે અંદાજે ૬,૦૦૦ જેટલી રાખડીઓ સરહદ પર મોકલાય છે, અને આ વર્ષે પણ રક્ષાબંધનના પર્વે આ જ રીતે અંદાજે ૬,૦૦૦ રાખડીઓ મોકલીને સરહદના ભાઈઓ પ્રત્યે સ્નેહ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ પ્રવૃત્તિ માત્ર હસ્તકલા પૂરતી મર્યાદિત નથી, પરંતુ બાળકોમાં જવાબદારી અને સંવેદનશીલતાના મૂલ્યોનું સિંચન કરે છે. આ મીઠા પ્રયાસના બદલામાં સરહદ પરથી દેશના સૈનિકો તરફથી પણ બાળકોને હૃદયસ્પર્શી પ્રત્યુત્તરો મળે છે, જે વિદ્યાર્થીઓમાં ગર્વ અને દેશપ્રેમની લાગણીને વધુ મજબૂત બનાવે છે. ખુશીની આ પ્રેરણાદાયી પહેલ એ સાબિત કરે છે કે દેશભક્તિ દર્શાવવા માટે ઉંમરની કોઈ મર્યાદા હોતી નથી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225